➢ **તારણો :**

૧) અનિયમિતતા વિદ્યાર્થીની શૈક્ષણિક પ્રગતિને ગંભીર રીતે પ્રભાવિત કરે છે.

૨) ગેરહાજરીનું કારણ માત્ર વ્યકિતગત નથી, પરંતુ પારિવારિક અને સામાજિક પરિબળો સાથે સંકળાયેલું છે.

૩) શિક્ષકો અને શાળાની ભૂમિકા મહત્વપૂર્ણ છે. યોગ્ય માર્ગદર્શન અને પ્રોત્સાહનથી ગેરહાજરી ઘટાડવામાં મદદ મળી શકે.

૪) વિવિધ ઉપાયો અપનાવવાથી કેટલાંક વિદ્યાર્થીઓમાં સુધારો જોવા મળે છે, પરંતુ વ્યવસ્થિત અને નિયત પ્રણાલી જરૂરી.

➢ **સૂચન:**

૧) ધો. ૬ થી ૮ ની જેમ બીજા ધોરણનાં વિદ્યાર્થીઓ પર પણ આ કાર્ય કરવું જોઇએ.

૨) અનિયમિત વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે સન્માન, ગુણ વિશેષ સૂચના અને રમત-ગમત આધારિત અભ્યાસ પ્રણાલી લાવવી જોઇએ.

૩) વાલીઓને તેમના બાળકોની રોજે-રોજની હાજરી અને અભ્યાસ અંગે નિયમિત માહિતી આપવી.

---



# વિષય : ધો. ૭ ના વિદ્યાર્થીઓને સમાજવિદ્યા વિષયમાં નકશાની સમજ સાદી પધ્ધતિથી અને શૈક્ષણિક ઉપકરણની મદદથી થતા શિક્ષણ કાર્યનો અભ્યાસ

**પ્રજ્ઞાબેન પ્રજાપતિ**
(મ. શિક્ષક-ઉ.પ્રા.વિભાગ)

સમાજવિદ્યામાં નકશાનો અભ્યાસ મહત્વપૂર્ણ છે, કારણકે નકશા વિદ્યાર્થીઓને ભૌગોલિક, સામાજીક અને સાંસ્કૃતિક પરિપ્રેક્ષ્ય સમજવામાં મદદ કરે છે. આ સંશોધનનો ઉદ્દેશ્ય એ છે કે વિદ્યાર્થીઓને નકશા સમજવામાં સરળતા આવે અને તેઓના શૈક્ષણિક પરિણામોમાં સુધારો થાય. પરંતુ ઘણીવાર વિદ્યાર્થીઓને નકશાની વિગતો સમજવામાં મુશ્કેલી પડે છે. માત્ર વાણી સાદી પધ્ધતિથી સમજાવતા વિદ્યાર્થીઓ ઊંડાણપૂર્વક સમજણ મેળવી શકતા નથી. માટે જો શૈક્ષણિક ઉપકરણોનો ઉપયોગ કરવામાં આવે તો વિષય જીવંત બની જાય છે.

- **સમસ્યા :** ધો.૭ ના વિદ્યાર્થીઓને સમાજ વિદ્યાવિષયમાં નકશાની સમજ સાદી પધ્ધતિથી અને શૈક્ષણિક ઉપકરણની મદદથી થતા શિક્ષણ કાર્યનો અભ્યાસ.
- **સમસ્યા ક્ષેત્ર :** નારાયણ વિદ્યાલય, ભરૂચ. ગુજરાતી માધ્યમ ધો-૭ બ ના ૧૦ વિદ્યાર્થીઓ
- **સમસ્યા કથન :** ધો. ૭ ના વિદ્યાર્થીઓને સમાજવિદ્યા વિષયમાં નકશાની સમજ પ્રથમ સાદી વ્યાખ્યાન પધ્ધતિ- પ્રશ્નોત્તરી દ્વારા આપવામાં આવી અને ત્યાર બાદ શૈક્ષણિક ઉપકરણ જેવા કે ભારતનો નકશો, ગ્લોબ ટેલિવિઝન ઉપયોગ કર્યા બાદ નકશાના અભ્યાસમાં વિદ્યાર્થીમાં શું પરિવર્તન જોવા મળે છે ? તે અભ્યાસ કરવો.
- **સંશોધનના હેતુ :**

૧. વિદ્યાર્થીઓને નકશામાં રસ જગાવવો.

૨. નકશા વાંચનની કુશળતા વિકસાવવી

૩. સાદી પધ્ધતિ અને શૈક્ષણિક ઉપકરણ પધ્ધતિની અસરકારકતા તપાસવી

૪. વિદ્યાર્થીઓમા તર્કશકિત અને અવલોકન શકિત વિકસાવવી

> વિચાર, કાર્ય, મૂલ્યાંકન, સુધારણા આ ચિત્રમાં ફરતું શિક્ષણ એટલે ક્રિયાત્મક સંશોધન

- **અનુમાન :**

૧. શૈક્ષણિક પધ્ધતિ વડે શિક્ષણ આપવાથી વિદ્યાર્થીઓની નકશાની સમજણ વધારે અસરકારક થશે.

૨. વિદ્યાર્થીઓની પ્રગતિ, રસ અને ક્રિયાત્મક કાર્યમાં નોંધપાત્ર વધારો થશે.

- **સંશોધન સમસ્યાના પ્રશ્નો :**

૧. ધો.૭ ના વિદ્યાર્થીઓને નકશા શીખવામાં કયા વિષયો સૌથી વધુ મુશ્કેલી આપે છે?

૨. વિદ્યાર્થીઓને નકશા સમજવામાં કઇ પ્રકારની સમસ્યાઓનો સામનો કરવો પડે છે?

૩. પ્રવૃત્તિ આધારિત પધ્ધતિથી શિક્ષણ કેવી રીતે વધુ રસ પ્રદ બને છે?

૪. કસોટીના પરિણામથી શિક્ષણ પધ્ધતિની અસરકારકતા શું છે?.

> **તળેટી પર ભીડ છે, શિખર પર નહીં, માટે શિખર પર પહોંચવાની તૈયારી રાખો.**